ગાંધીનગર સમાચાર

તા. ૩-૬-૨૦૧૩, સોમવાર

તંત્રી સ્થાનેથી.....

આંજી નાખે એવું નામ આંજણો

આજકાલ ગિનેસ બુકમાં નોંધાઈ રહ્યો છે મહેસાણા નજીક બાસણા મુકામે ઉત્તર ગુજરાતના આંજણા ચૌધરી સમાજ દ્વારા સ્થાપિત કુળદેવી અર્બુદા અને આંજણી માતાના મંદિર સંકુલ પ્રસંગે છેક આબુ પર્વતથી માનવ સાંકળ દ્વારા લાવવામાં આવી રહેલ દિવ્ય જયોતનો વિશ્વ વિક્રમ. વિશ્વની સૌથી લાંબી માનવ સાંકળ લેખે આ વિક્રમ પાર પાડવા માટેની તમામ પૂર્વતૈયારી અને જરૂરી ચૌકસાઇ પછી આંજણા અર્બુદા ફાઉન્ડેશન, ગુજરાતના પ્રમુખ પ્રતાપભાઇ ચૌધરી (જાખડ ઋષિ) અને એમના સાથીદારોએ તા. ૧-૬-૨૦૧૩ થી તા. ૩-૬-૨૦૧૩ દરમિયાન ભવ્ય ત્રિદિવસીય મહોત્સવનું આયોજન કર્યું છે. આંજણા સમાજના પ્રતિભાશાળી નેતાઓ, સર્જકો અને સમાજશ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં સંપન્ન થઇ રહેલા આ વિશિષ્ટ ઉપક્રમમાં ગુજરાતનાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પણ હાજરી પુરાવી ધન્યતા અનુભવશે. મુખ્યત્વે ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલી આ મહેનતકશ જ્ઞાતિ પ્રગતિનાં શિખરો સર કરી રહી છે. ‘ચૌધરી’ અટકથી વિશેષ જાણીતી આ જ્ઞાતિને ગાંધીનગર નિવાસી પ્રશિષ્ટ કવિ - નવલકથાકાર ભાનુપ્રસાદ ત્રિવેદીએ કયારેક ‘ઉત્તર ગુજરાતની ધરતીના ચહેરાની લાલી’ કહીને બિરદાવી હતી. વીસમી સદીમાં ગુજરાત મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને રવિશંકર મહારાજ જેવી વિભૂતિઓ પકવી છે તો ઉત્તર ગુજરાતની આ ખમતીધર ખેડૂત જ્ઞાતિએ પણ વિવિધ ક્ષેત્રોમાં ચમત્કાર સમી પ્રતિભાઓ સરજીને ધરતીનું ઋણ અદા કર્યું છે. સાબરકાંઠાના લોકસંતોની ત્રિપુટી - પૂ. રામજીબાપા - નાથુબાપા અને જેસંગબાપા આ સમાજની દેન છે, તો વળી પન્નાલાલ પટેલ જેવા સર્જક તો કોઇ પણ ભાષા અને પ્રજા માટે ગૌરવની ઘટના જ લેખાય. આવી પ્રતિભા સરસ્વતીની કૃપા ઊતરે તો જ સાંપડી શકે.

ઉત્તર ગુજરાતમાં શ્વેત ક્રાંતિના જયોતિર્ધર તરીકે માનસિંહ પૃથ્વીરાજ પટેલનું નામ શેં ભુલાય? અમૂલ ડેરીને પગલે એમણે મહેસાણામાં ‘દૂધ સાગર’ છલકાવી દીધો જે આજે તો ગુજરાતની સરહદો વટાવી દેશ અને દુનિયાની અગ્રણી દૂધ સહકારી સંસ્થા તરીકેની નામના ધરાવે છે. દૂધસાગરની સંગતમાં સાબર ડેરી અને બનાસ ડેરીની સ્થાપના થઇ. ઉત્તર ગુજરાતનો આ ઊજળો સહકારી ઉદ્યગ સવિશેષ ચૌધરી બહેનોનાં પરિશ્રમનું પરિણઆમ છે. એક બે ગાયો કે ભેંસો પાળીને એક અભણ ગ્રામીણ મહિલા કલેકટર કરતાં વધુ કમાઇ શકે છે, તે શું નાનો સૂનો ચમત્કાર છે?

આંજણા ચૌધરી સમાજ મૂળે ક્ષત્રિણવંશી છે. દંતકથા મુજબ કોઇ એને સહસ્ત્રાર્જુનના વંશજ તરીકે ઓળખાવે છે તો કોઇ એને રામાયણ કાલીન હનુમાનજીની માતા અંજનીની સંતતિ લેખાવે છે. હનુમાનજી જેવું જ સાહસ, તીવ્ર મેધા અને બળ ધરાવતી આ જ્ઞાતિ વિશે સર્વસ્વીકૃત દંતકથા એવી છે કે પરશુરામે પૃથ્વીને નક્ષત્રી કરવા માંડી ત્યારે - કેટલાક શાણા ક્ષત્રિયો હથિયાર હેઠાં મુકી આબુ મુકામે અધ્ધરદેવીના શરણે જઇ, ‘અજાણ્યા’ થઇને રહ્યા તેથી કાળક્રમે તેઓ ‘આંજણા’ કહેવાયા. અર્બુદા દેવી અધ્ધર દેવી તરીકે પણ ઓળખાય છે. તે મૂળે કાત્યાયની પીઠ છે. અને આ આબુનાં અધિષ્ઠાત્રી દેવી છે. ‘આબુ’ શબ્દ ‘અર્બુદ’ પરથી જ ઉતરી આવ્યો છે.

આંજણા સમાજ ઉત્તર ગુજરાતના મહેસાણા, બનાસકાંઠા, પાટણ અને સાબરકાંઠા જિલ્લા ઉપરાંત કચ્છના રાપર તાલુકામાં તેમજ પંચમહાલના સંતરામપુર પંથકમાં અને ખેડા જિલ્લાના મહુધા તથા પેટલાદમાં પથરાયેલો છે. દક્ષિણ ગુજરાતમાં પણ છૂંટાછવાયાં આંજણા ચૌધરીઓનાં સ્થળાંતરિત ગામો છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ તથા ઉત્તરપ્રદેશ અને કર્ણાટકમાં આ જ્ઞાતિના લોકો વસે છે. આંજણો જયાં રહેતો હોય ત્યાં છાનો રહેતો નથી. તેથી સ્તો આજે ધંધા ઉદ્યોગ ક્ષેત્રે પણ આ નાનકડી કોમની નવી પેઢીની બોલબાલા છે. ગાંધીનગર ખાતે આવેલું ચૌધરી સંકુલ વિદ્યાકીય ક્ષેત્રે નામાંકિક બની રહ્યું છે તો વળી પ્રખર ગાંધીવાદી રચનાત્મક કાર્યકર સ્વ. મોતીભાઇ ચૌધરી, ધાર્યા નિશાન પાડી જાણનારા આ સમાજના યુવા નેતાઓ વિપુલ ચૌધરી, શંકર ચૌધરી, મંત્રીશ્રી પરબતભાઇ પટેલ કે હરિભાઇ ચૌધરી જેવા સમાજશ્રેષ્ઠીઓ તથા સાહિત્યક્ષેત્રે પન્નાલાલા પટેલ પછીની પેઢીની ધુરંધર સર્જક બેલડી - રઘુવીર ચૌધરી અને ડૉ. કેશુભાઇ દેસાઇને કે પછી પત્રકાર શિરોમણિ પદ્મશ્રી દેવેન્દ્ર પટેલને કોણ નથી ઓળખતું? અર્બુદાધામના ઉદ્‌ઘાટન પ્રસંગે ‘ગાંધીનગર સમાચાર’ આ ખમીરવંતી જ્ઞાતિને અંતઃકરણથી શુભેચ્છા પાઠવે છે.

આજે ધો. ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ

૫.૩૩ લાખ વિદ્યાર્થીઓના ભાવિનો ફેંસલો : સવારે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓ જુદી જુદી રીતે તેમનું પરિણામ જોઈ શકશે : ભારે ઉત્સુકતા

અમદાવાદ, તા. ૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૩માં લેવામાં આવેલી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ આવતીકાલે સવારે જાહેર કરવામાં આવશે. પરિણામને લઈને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સુકતા અને ઉત્તેજના જોવા મળી રહી છે. વાલીઓ પણ ખૂબ જ ઉત્સુક દેખાઈ રહ્યા છે. ૧૨ ધોરણને વિદ્યાર્થીઓની કેરિયર માટે ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે જેથી વિદ્યાર્થીઓની સાથે સાથે વાલીઓ પણ પરિણામની રાહ જોઈ રહ્યા છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૩માં લેવાયેલી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવશે. આ વખતની બોર્ડની પરીક્ષામાં ૫.૩૩ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આજ દિવસે શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ-૧૨ વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ અને સંસ્કૃત માધ્યમનું પરિણામ પણ જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ www.gseb.org, www.gipl.net, www.indiaresult.com ઉપર પોતાનું પરિણામ જાણી શકાશે. આ ઉપરાંત શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓ મોબાઈલ ફોન ઉપર એસએમએસથી પરિણામ જાણી શકે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

જેના માટે વિદ્યાર્થીઓએ પોતાના મોબાઈલ ઉપર ઉંજીઝ (પોતાનો સીટ નંબર) ટાઈપ કરીને ૫૦૧૧૧ ઉપર એસએમએસ કરવાનો રહેશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ ગુજરાત કોલ સેન્ટરના ટોલ ફ્રી નંબર-૧૮૦૦૨૩૩૫૫૦૦ ઉપર ફોન કરીને પણ પરિણામ જાણી શકશે. અમદાવાદ જિલ્લાના વિદ્યાર્થીઓ લેન્ડલાઈન નંબર-૦૭૯૨૬૮૫૧૪૨૨ ઉપર ફોન કરીને પોતાનું પરિણામ જાણી શકશે. જ્યારે ગાંધીનગર જિલ્લાના વિદ્યાર્થીઓ લેન્ડલાઈન નંબર-૦૭૯૩૦૫૧૬૦૬૧ ઉપર ફોન કરીને પરિણામ જાણી શકશે. જોકે આ વર્ષે શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ એક સપ્તાહ મોડુ જાહેર કરવામાં આવી રહ્યું છે. અત્યાર સુધી મેં મહીનાના અંત સુધીમાં ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરી દેવામાં આવતું હતું.

મને એક જ વાતનો વાંધો છે - આ લોકો રાજીનામું માગે છે. હવે તમે જ કહો, કોઈ આઈપીએલના આવા પદ પરથી રાજી થઈને જાય ખરું?

બીજા સેમીસ્ટરનું પરિણામ ધો.૧૧ વિજ્ઞાન પ્રવાહનું હવે ૧૦મીએ પરિણામ

અમદાવાદ, તા. ૨

એપ્રિલ ૨૦૧૩માં લેવામાં આવેલી ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહના બીજા સેમિસ્ટરનું પરિણામ ૧૦મી જૂનના દિવસે જાહેર કરવામાં આવશે. બોર્ડની વેબસાઈટ ઉપર આ પરિણામ મૂકી દેવામાં આવશે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ પહેલાથી જ જાહેર કરવામાં આવી ચૂક્યું છે. હવે આવતીકાલે સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ અને સંસ્કૃત માધ્યમનું પરિણામ જાહેર કરવામાં આવનાર છે. ધોરણ ૧૦ના પરિણામને લઈને હજુ કોઈ જાહેરાત કરવામાં આવી નથી પરંતુ ટૂંકમાં જ ધોરણ ૧૦ના પરિણામની તારીખ પણ જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે.

ગુજરાત યુનિવર્સિટી સલગ્ન કોલેજોમાં એફ.વાય. બી.એસ.સી.માં પ્રવેશ પ્રક્રિયા આજથી વિધિવત રીતે શરૂ

૮ જૂનના દિવસે પ્રથમ યાદી જાહેર કરાય તેવી સંભાવના ૧૩મી જૂને ફી સ્વીકારાશે : જરૂર પડશે તો ત્રીજી યાદી

અમદાવાદ, તા. ૨

ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલા સાયન્સ વિદ્યા શાખાની આશરે ૭ હજારથી વધુ બેઠકો ઉપર આવતીકાલથી એફવાય બીએસસીની પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જ્યારે ગ્રામ્ય વિસ્તારોની કોલેજોમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. આવતીકાલથી ગુજરાત યુનિવર્સિટી સલગ્ન કોલેજોમાં એફવાયબીએસસીની પ્રવેશ કાર્યવાહી શરૂ થશે.

૮મી જૂનના દિવસે પ્રથમ પ્રવેશ યાદી જાહેર કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થયાને ૧૭ દિવસ કરતા વધુ સમય વિતી ગયો છે અને રાજયની મોટાભાગની યુનિવર્સિટીમાં એફવાય બીએસસીની પ્રવેશ કાર્યવાહી પૂર્ણ કરી લેવામાં આવી છે ત્યારે ગુજરાત યુનિવર્સિટી સલગ્ન સાયન્સ કોલેજોમાં સોમવારથી એટલે કે આવતીકાલથી પ્રવેશ કાર્યવાહી શરૂ કરવામાં આવશે જેથી ૫ જૂન સુધી વિદ્યાર્થીઓ વિવિધ સાયન્સ કોલેજોમાંથી પ્રવેશ ફોર્મ મેળવી શકશે અને પ્રવેશ ફોર્મ ભરીને ૫ જૂન સુધીમાં પરત કરી શકશે. ત્યારબાદ ૮મી જૂન સુધી કોલેજો પ્રથમ પ્રવેશ યાદી જાહેર કરશે. જ્યારે ૧૧મી જૂનના દિવસે બીજી પ્રવેશ યાદી જાહેર કરવામાં આવશે. ૧૩મી જૂને ફી સ્વીકારવામાં આવશે. જો જરૂર પડશે તો ૧૫મી જૂને ત્રીજી પ્રવેશ યાદી જાહેર કરવામાં આવશે. બીજી તરફ ગ્રામ્ય વિસ્તારમાં આવેલી કોલેજોમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ગુજરાત યુનિવર્સીટ સાથે સંકળાયેલી ૧૭થી વધુ સાયન્સ કોલેજોમાં ૭ હજાર જેટલી બેઠકો ઉપલબ્ધ છે. આ બેઠકો માટેની પ્રવેશ કાર્યવાહીમાં યુનિવર્સિટીએ જાહેર કરેલા નિયમો મુજબ કોઈપણ સાયન્સ કોલેજ ૧૦ રૂપિયાથી વધારે ફોર્મ ફી લઈ શકશે નહીં. આ ઉપરાંત અરજીપત્રક ઉપર વિદ્યાર્થીઓનો ફોટો ચોટાડવાનો રહેશે. એટલું જ નહીં દરેક કોલેજોએ ચુસ્તપણે અનામતના નિયમોનું પાલન કરવાનું રહેશે. ઉલ્લેખનીય છે કે છેલ્લા બે વર્ષથી બીએસસીનું ક્રેઝ વિદ્યાર્થીઓમાં વધ્યો છે જેના કારણે શહેરની એમજી સાયન્સ, સેન્ટ ઝેવિયર્સ અને સીયુ શાહ જેવી સાયન્સ કોલેજોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓમાં મોટી સંખ્યામાં ઘસારો જોવા મળે છે.

અમદાવાદમાં ચોથી જુને ફુડીસ-ડેની ઉજવણી થશે

અમદાવાદ, તા. ૨

અમદાવાદમાં ચોથી જુનના દિવસે પ્રથમ વખત ફુડીસ્ટ-ડેની ઉજવણી કરવામાં આવનાર છે. અમદાવાદીઓ ખાવાપીવાના શોખીન છે. ખાવા પાછળ મોજથી ખર્ચો કરતા અમદાવાદીઓ અત્યાર સુધી પોતપોતાની રીતે અલગ-અલગ સ્થળોએ મનપસંદ ભોજનનો આનંદ માણતા આવ્યા છે.

ક્યારેક લગ્ન કે જાહેર પ્રસંગો પર થોડાક મિત્ર મંડળ અથવા સગા-વહાલાઓ સાથે મળીને ભોજનનો લ્હાવો માણતા હોય છે. પરંતુ આપણા આ પ્રયાસો અમુક નિશ્ચિત સમુદાય સુધી મર્યાદીત હોય છે. પરંતુ ક્યારેય એક સાથે એક જ દિવસે આખા શહેરીજનો સાથે મળીને ભોજનનો લ્હાવો માણવો એ મોટી બાબત છે. અમદાવાદની સ્વાદપ્રિય જનતાની આ ખોટને પૂર્ણ કરવાનું બીડુ ટોરીટોસ રેસ્ટોરેન્ટે ઝડપ્યું છે. અમદાવાદના આંબાવાડી વિસ્તારમાં આવેલી ટોરીટોસ રેસ્ટોરેન્ટ ચોથી જુનના દિવસે પોતાની પ્રથમ વર્ષગાંઠ ઉજવશે. આ પ્રસંગે એક વર્ષની સફળ સફરમાં સાથ આપવા બદલ અમદાવાદની સ્વાદપ્રિય જનતા માટે ફુડીસ્ટ-ડે આઉટની ઉજવણી કરવામાં આવનાર છે. શહેરના જાણીતા લોકો ઉપસ્થિત રહીને શહેરીજનો સાથે મનપસંદ ભોજનનો સ્વાદ માણશે.

તાલીમ વર્ગોમાં પ્રવેશ માટે

સ્પીપામાં ઓનલાઈન નોંધણી આજથી થશે

અમદાવાદ, તા. ૨

યુપીએસસી સિવીલ સર્વિસીઝ પરિક્ષા ૨૦૧૪ સરદાર પટેલ લોકપ્રસ્થાન સંસ્થા દ્વારા પરિક્ષણ વર્ગો શરુ કરવામાં આવનાર છે. આ પ્રવેશ પરિક્ષણ વર્ગોમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારો સોમવારથી પોતાનું ઓમલાઈન રજીસ્ટેશન કરાવી શકેશે. પ્રાપ્રય થતી માહીતી મુજબ યુપીએસસીની પરિક્ષાનું પરિક્ષણ આપતી ખ્યાતનામ સંસ્થા સરદાર પટેલ લોકપ્રસ્થાન પરીઞ ૨૦૧૪ માટેના પ્રશિક્ષણ વર્ગોમાં પ્રવેશ માટે સોમવારથી ઉમેદવારો ઓનલાઈન અરજી કરી શકેશે. આ માટે ઉમેદવારો www.ojas.guj.nic.in વેબસાઈટ ઉપર સોમવારથી ૧૯ જુન સુધી ઓનલાઈન રજીસ્ટેશન કરાવી શકશે, રજીસ્ટેશન કરાવ્યા બાદ પરિક્ષા ફી ભરવા માટેનું માટેનું ચલન પ્રિન્ટ કરીને ગુજરાતની કોઈ પણ કોમ્પ્યુટર રાઈઝ પોસ્ટ ઓફિસમાંથી ૧૯ જુન પહેલા પરીક્ષા ફી ભરવાની રહેશે. અને પ્રવેશ પરીક્ષા ફી ભરેલ ચલણની નકલ ઉમેદવારોએ પરિક્ષાખંડમાં સુપરવાઈઝર સ્પીપા રજુકરવાની રહેશે. ફી ભર્યાની નકલ રજુ મહી કરનાર વિધ્યાર્થિઓને પરિક્ષા આપવા દેવામાં આવશે નહી. ઉલ્લેખનિય છે કે વર્ષ ૨૦૧૪ ની સીવીલ સર્વિસીઝ પરીક્ષાની તાલીમ માટે સ્પીપામાં કુલ ૧૦૦ બેઠકો ઉપલબ્ધ છે. જેમાં ૧૬ બોઠકો અનુસુચીત જાતી ,૧૬ બેઠકો ઓબીસી, અને ૦૪ બેઠકો વિકલાંગ માટે અનામત છે.

એમબીબીએસમાં પ્રવેશના બહાને ૮ લાખની છેતરપિંડી

અમદાવાદ, તા. ૨

નરોડા ખાતે એમબીબીએસમાં એડમીશન અપાવાના બહાને બે શખ્સો ૮ લાખ રૂપિયાની છેત્તરપિંડી આચરી હોવાની ફરિયાદ નરોડા પોલીસ મથકમાં નોંધાવવા પામી છે.

ઘટનાની મળતી માહિતી એવી છકે હસમુખભાઈ અમૃતભાઈ શાહ (રહે. કૃષ્ણ ટાવર, કૃષ્ણનગર, નરોડા) ગણ વર્ષે પોતાના પુત્રને MBBSમાં એડમીશન અપાવવા મેડિકલ કોલેજોમાં ધક્કા ખાઈ રહ્યા હતા. તે દરમિયાન તેમનો સંપર્ક સુરતના કતાર ગામે ખાતે આવેલી સ્વેતસાગર સોસાયટીમાં રહેતા ભરતભાઈ ઈન્દુભાઈ લન્સાતીના સાથે થયા હતા. ભરતભાઈએ હસમુખભાઈને પોતાનો જયપુર રાજસ્થાન ખાતે રહેતાં મિત્ર MBBSમાં એડમીશન કરાવી આપે છે તેમ કહી સુધીર ભારતીય (રહે. શ્રીરામ જાનકી ભવન, જયપુર, રાજસ્થાન) સાથે મેળવ્યો હતો. દરમિયાનમાં ભરતભાઈ તથા સુધીર ભારતીય ભેગા મળી હસમુખભાઈને તેમના પુત્રનું MBBSમાં એડમીશન કરાવી આપવા બદલ ૮ લાખ રૂપિયાનો ખર્ચ થશે તેવું જણાવ્યું હતું.

જો કે હસમુખભાઈએ ભરતભાઈ તથા સુધીર ભારતીયને ગત ઓગસ્ટ માસમાં MBBSમાં એડમીશન માટે આઠ લાખ રૂપિયા આપ્યા હતા. ત્યારબાદ બન્ને જણા હસમુખભાઈ સાથે ગોળ-ગોળ વાતો કરી હસમુખભાઈને ફેરવવા લાગ્યા હતા. જેથી હસમુખભાઈએ બન્ને જણા વિરુદ્ધ નરોડા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી. નરોડા પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

અલકનંદાથી ગંગા ઉદ્‌ગમ સુધી જળ સવારી

ઉત્તર ભારતમાં ચારધામ યાત્રા પૂર્વે હરિદ્વાર પાસે ધસમસતા પવિત્ર ગંગાનદીના ઉપરવાસમાં પંચાણુ કિલોમિટર દૂર વર્તમાન સમયમાં ગણાતા પવિત્ર ગંગાનદીના ઉદ્‌ગમ સ્થાન તરીકે દેવપ્રયાગ હિમાલયની શિખર શૃંખલાઓમાં શોભીતું નયનરમ્ય સ્થળ આવેલ છે. વિશ્વમાં સૌથી યુવાન પર્વતમાળાઓ તરીકે હિમાલય ગણાય છે. હિમાચ્છાદિત શિખરમાળાઓ રહિતની ગંગાનદીના મેદાનપ્રદેશ સુધી વિસ્તરેલ અસંખ્ય પર્વત હારમાળાઓ ઘીચ વનોને બદલે હવે માંડ હરિયાળીની ચૂંદડીથી લપેટાયેલ હજી જોવા મળે છે. દેશના નવકંડારાયેલ ઉત્તરાખંડ રાજ્યમાં પથરાયેલા આવા ઉત્કૃષ્ટ શિખરોની ઊંડી ખીણશિલાઓ સાથે એક તરફ નિરંતર વહેતી ધિંગામસ્તી કરતી ગાઢ ભૂરા મિશ્રિત શ્વેત જળ છોળો ઉડાડતી ભાગીરથીનદી જોવા મળે છે.



દેવપ્રયાગ ખાતે ઊછળતી-કૂદતી ભાગીરથી નદી અને અલકનંદા નદીનું સંગમ સ્થાન : ગંગા નદીનું ઉદ્‌ગમ સ્થાન

બીજી બાજુ પૂર્વ તરફથી વહેતી તેની સખી અલકનંદાનદી વિષ્ણુપ્રયાગથી દેવપ્રયાગ સુધી પહોંચતા તેની બાલ્યા, કિશોર અને મુગ્ધાવસ્થા આંબીને ઉપરથી શાંત દેખાય છે, અલબત્ત તેની નીચેની સપાટીમાં આવેગવાળા પ્રવાહ સાથે ખીણમાં વહેતી દૃષ્ટિગોચર થાય છે. આ દેવપ્રયાગ ખાતે વિભિન્ન ખીણમાંથી વહેતી, અલકનંદાનદી સાથે સંગમના આખરી તબક્કા સુધી ભાગીરથીનદી ઊછળતી કૂદતી રહે છે, પરંતુ બન્ને નદીઓનું આહ્‌લાદક મિલન થતાં જ ભાગીરથીનદી નવોઢાની જેમ તરવરાટ પર અંકુશ મેળવતી દેખાય છે. આ બંન્ને નદીઓ, દેવપ્રયાગથી પવિત્ર ગંગાનદીના ઉદ્‌ગમ સ્થાન તરીકે વર્તમાન સમયમાં ગણાય છે. હિમાલયના બે પ્રચંડ ગ્લૅસ્યિર્સમાંથી આ બન્ને નદીઓનો વિપુલ જળસ્ત્રોત નિરંતર વહે છે. દેવપ્રયાગથી ગંગાનદી તરીકેના નામાભિધાન સાથે ભારતવર્ષના કરોડો લોકોની શ્રદ્ધાના જીવંત પ્રતિક સાથે બંગાળના ઉપસાગરને મળવા ધીરગંભીરરૂપે વહેણનું કદ ક્રમાનુસાર વધતુ રહે છે.

અલકનંદાનદીના ઉપરવાસમાં હિમગીરીમાં આવેલ આસ્થાસ્થળોને સ્પર્શતી ઘણી પવિત્ર નદીઓ પણ તેમાં ભળે છે. અલકનંદાનદીના ઉપરવાસમાં ધોળીગંગા વિષ્ણુપ્રયાગ ખાતે મળે છે. ખળખળ વહેતી નંદાકિની નંદપ્રયાગ ખાતે ભળે છે. આ પ્રવાહ આગળ વધતા કર્ણપ્રયાગ ખાતે પીંઢારીનદીનો મીલાપ થાય છે. ત્યારબાદ, નટખટ મંદાકિનીનદી રૂદ્રપ્રયાગ ખાતે મળીને શૈશવ અને કિશોરાવસ્થાનો આનંદ માણતી અલકનંદાનદીની નિરંતરપણે જોવા મળે છે. અલબત્ત, શ્રીકોટા પાસે બાંધવામાં આવેલ બંધના નીચાણવાસમાં અલકનંદાનદીના અલ્લડપણામાં ખાસ કરીને બિનવરસાદી મોસમમાં ઓટ વર્તાય છે. બદરીનાથ નજીક અલકાપુરી પાસે અલકનંદાનદીનું ઉદ્‌ગમ સ્થાન ગણાય છે.

આ અલકનંદાનદીના અનોખા વૈવિધતાસભર રૂપને ઓળખીને તેના પ્રવાહમાં પેદા થતા નાના મોટા વમળો, શિલાઓને અથડાવાથી નીપજતા શ્વેતરંગા સમા ઊછળતા મોજાં પર જળસવારી કરવાની નોખી રમત દિનપ્રતિદિન પ્રચલિત થઈ રહી છે. આ સાહસપૂર્ણ રમત વ્હાઈટ વૉટર રાફ્ટિંગના નામે વધુ જાણીતી છે.

દેવપ્રયાગથી પોણા કલાકની પર્વતશૃંખલાને વટાવતી વાહનમાર્ગની મુસાફરી કરીને અલકનંદાનદીના તીરે વસેલા જયાલગઢ ખાતેના કુદરતી ખોળે ઊભા કરવામાં આવેલા આધુનિક આશ્રયસ્થાન સમા ઍટેચ શાવર સહિતના નદીકાંઠે ટૅન્ટમાં આશરે સિત્તેર-ઍંશીની સંખ્યામાં આવેલ કિશોર, મુગ્ધા અને તરૂણ યુવા-યુવતીઓ ઉપરાંત ચાર-પાંચ ફૅમિલીના કાફલા સાથે જળક્રીડાની મોજ માણવાનો અવસર યાદગાર બની રહે છે. કુશળ, વ્યવહારૂ તેમજ વિનોદ સહિત સહજતા ધરાવતા વડોદરાના યુવા કૅમ્પ પ્રભારી શીતલ પવારના માર્ગદર્શન હેઠળ હિમગીરીનદીઓના શાંત તેમજ ઉછળતા નીરને ઓછા ન આંકવા વિગતે પથદર્શન મળી રહે છે.

આ વિશેષ પ્રકારના ઈકો-કૅમ્પમાં ઓછામાં ઓછી જરૂરીયાતો સમેત નિસર્ગ સાથે થોડો સમય ફાળવીને તેનું સાન્નિધ્ય માણવા માટે પોતપોતાની સમજ મુજબ અલગ દૃષ્ટિકોણ કેળવી શકાય છે. આ કૅમ્પમાં ઍડવેન્ચર અગ્રસ્થાને રહે છે. આ કૅમ્પનું લક્ષ ફિયર ફૅક્ટર દૂર કરવાનું રહે છે. રોજિંદી કવાયત અલકનંદાનદીના પ્રવાહમાં જ શીખવા અને માણવા મળે છે. સાથોસાથ, નદીના ઊંડા પાણી જોતાવેંત સામાન્યતઃ થતા ડર પર આત્મવિશ્વાસ હાંસલ કરવાની સુંદર તક મળે છે. દરેક ઍક્ટિવિટી પૂર્ણ થતા સૌને આત્મવિશ્વાસનો અહેસાસ થાય છે. દરેક ઍક્ટિવિટી માટે ઉપયોગમાં લેવાતા સઘળા સાધનોમાં તેમજ તમામ ઈન્સ્ટ્રક્ટર પ્રતિ પણ વિશ્વાસ સંપાદન થાય છે. જળ-પ્રવૃત્તિઓમાં ટીમ-વર્ક મહત્વનું અંગ છે. ધસમસતા પાણીના પ્રવાહ સામે માત્ર ઝઝૂમવા કે બચવા માટે જ નહીં, પરંતુ પદ્ધતિસરની તાલીમ મુજબ કામગીરી કરીને જળ-સવારીનો આનંદ પણ લૂંટવા માટે ટીમ-વર્ક અગત્યનું છે.

એક અંદાજ મુજબ આશરે નેવું ટકા કૅમ્પર્સનો આત્મવિશ્વાસ વધે જ છે. આ કૅમ્પમાં શારીરિક શક્તિ સાથે માનસિક મનોબળ મજબૂત હોવું આવશ્યક છે. નવા વિચારોને ગ્રહણ કરનાર અને રચનાત્મક-પૉઝિટિવ વલણ ધરાવતી વ્યક્તિઓ માટે આ તમામ ઍક્ટિવિટી આનંદદાયક બની રહે છે.

દેશમાં રાજયની સીમાઓ બદલીને બનાવવામાં આવેલા ૨૯ રાજ્યો પૈકી અગાઉ ઉત્તરાંચલ અને હવે ઉત્તરાખંડથી ઓળખાતા નોખા બનેલ રાજ્યના ગઢવાલ અને કુમાવ જિલ્લાના વિસ્તારોમાં કુદરતી વારસો જાળવવામાં આવી રહ્યો છે. ચિપકો ચળવળથી જાણીતા બનેલા આ રાજ્યમાં બાંધવામાં આવેલ તહેરી બંધ, વિશ્વમાં ઊંચાઈ પર આવેલ બંધ પૈકી પાંચમું સ્થાન ધરાવે છે. અહીંયા જળ-ઊર્જાથી ૨૪૦૦ મેગાવૉટ વીજળી ઉત્પન્ન કરવામાં આવે છે.

બારેમાસ વહેતી આ નદીના જળ સાથે જોડાયેલ વિવિધ ઍક્ટિવિટીમાં વૉટર ફ્લોટિંગ, કૅકોઈંગ, બ્રીજ સ્લિધરીંગ, વ્હાઈટ વૉટર-રાફ્ટિંગ મુખ્યત્વે છે. તદ્‌ઉપરાંત, રૅપલિંગ અને ટ્રેકિંગની ઍક્ટિવિટી પણ આવરી લેવામાં આવે છે. આ ઍક્ટિવિટી સિઝનલ ગણાય છે, અને ચોમાસામાં બંધ રહે છે. આ નદીના પાણી સિઝન મુજબ હાઈવૉલ્યૂમ કે લૉ-વૉલ્યૂમ ગણવામાં આવે છે. નદીની પાણીની સપાટી પર લહેરાતા મોજાંઓને અંગ્રેજીમાં વૅઝ કહે છે. આ વૅઝના આકાર મુજબ તેની ઓળખ બદલાય છે. સીધીલીટી જેવા વૅઝને સ્મૂધ વૅઝ કહે છે. પથ્થર સાથે પછડાયને વાંકળીયા બનતા વૅઝને કર્લિવૅઝ કહેવામાં આવે છે. પાણીની સપાટીના કાટખૂણા જેવા ઊભા થતા વૅઝને ટૉપર વૅઝ ગણાય છે. જ્યારે આ ત્રણે પ્રકારના વૅઝ એક વિશિષ્ટ કૉમ્બિનેશન કે આકાર બનાવે ત્યારે ટાઈમરવૅઝ તરીકે ઓળખાય છે. સામાન્યતઃ ટાઈમરવૅઝ દરિયાના પાણીમાં જોવા મળે છે. આ વૅઝનો સામનો કેવીરીતે કરવો તેનો પાઠ શિખવવામાં આવે છે, અને નદીના પાણીમાં અનુભવ ઈન્સ્ટ્રકર કરાવે છે.

આ નદીના ઉપરવાસ હિમાલયમાં બરફ પીગળવાથી નદીનો મિજાજ બદલાતો રહે છે. પાણીના પ્રવાહની ટેક્નીકલ ઓળખ વૉટર કરન્ટ તરીકે પણ થાય છે. નદીના પ્રવાહને ચાર હિસ્સાથી ઓળખવામાં આવે છે. સૌથી ઉપરને ટૉપ અને સૌથી નીચેના પ્રવાહને લૉવર કહે છે, જ્યારે આ બન્ન પ્રવાહનો વચ્ચેનો ભાગ અપર-મિડલ અને લૉવર મિડલ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યો છે. નદીના કિનારાના કર્વ કે ચાપ આકારવાળા ભાગમાંથી વહેતા વહેણને ઍડી કરન્ટ કહે છે. આ ભાગમાં પાણીના પ્રવાહની તાકાત વધી જાય છે. ક્યારેક નદીના વચલા કે કિનારા તરફના પટમાં નાનામોટા વમળો પણ સર્જાય છે. જ્યારે બે જુદાજુદા વૉટર કરન્ટ મળે છે ત્યારે આવા વમળોનું સર્જન થાય છે. નદીના પાણી જ્યારે હાઈવૉલ્યૂમમાં હોય, ત્યારે આવા વમળો કે ઍડી કરન્ટ ખૂબ જોખમી ગણાય છે. મોટા કાણાં જેવા હૉલ તરીકે પણ ઓળખાતા આ વમળોના બે પ્રકાર છે. એક પ્રકારને સ્યોર-હૉલ કહે છે, જેમાં ફસાઈ જવા છતાં બહાર નીકળી શકાય છે. જ્યારે બીજા પ્રકારને કિપર-હૉલ કહે છે, તેમાંથી મહાવરો ધરાવતા નિષ્ણાત સિવાય અન્યો માટે બચવાની સંભાવના ઓછી રહે છે.

નદીના તળીયે રહેલા પથ્થરો-ખડકો કે અન્ય ભૌગોલિક પરિસ્થિતિના કારણે તેના વૉટર કરન્ટ્સમાં ફેરફાર થાય છે. આ નદીના પટનો ઊતરતો ઢોળાવ એક સરખો નહોતો. ક્યાંક ક્યાંક આ ઢોળાવ અચાનક ઓછો થવાથી નદીની જળ સપાટી પર તફાવત સર્જાય છે, કયારેક દૂધિયા ફીણવાળા અલગઅલગ મોજાંઓ રચાતા રહે છે. આ પરિસ્થિતિ રૅપિડ તરીકે ઓળખાય છે. આ રૅપિડ્સ પર જળ-સવારીની રમત દિનપ્રતિદિન પ્રચલિત બની રહી છે.

રૅપિડને આંતરરાષ્ટ્રીયસ્તરે છ તબક્કાના સ્કૅલમાં વર્ગીકૃત કર્યો છે. નદીના શાંત પ્રવાહને પ્રથમ ક્લાસ-૧માં ગણાય છે. બીજા ક્રમના વર્ગમાં, નબળી ટીમ હોય તો પણ રૅપિડ પર જળ-સવારી કરી શકે છે. ત્રીજા પ્રકારના રૅપિડમાં તજજ્ઞોના હાથમાં સૂકાન હેઠળ તાલીમાર્થીઓ રાફ્ટિંગ કરે છે. ચોથા અને પાંચમાં પ્રકારના રૅપિડમાં માત્ર કુશળ અનુભવીઓને

(અનુ. પાના નં ૬ પર)